જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૭/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી ૧૦૬ લીટર દેશી દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૫/૧૬**

**સરખેજઃ રેશ્માબહેન વિઠ્ઠલભાઈ અનેરીયા (રહે.નીલકંઠ સોસાયટી રામજી મંદિર સામે મહાદેવનગર ટેકરા, વસ્ત્રાલ) એ** તા.૧૫/૪/૧૬ બપોરના ૩/૦૦ વાગે સરખેજ એસ.જી.હાઈવે રોડ વોડાફોન ઓફીસ પાસે જોલી માર્કેટ નજીક પોતાની હુન્ડાઈ કાર નંબર જીજે ૧ એચ એફ ૮૬૨૨ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૬/૪/૧૬ કલાક ૨/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રેશ્માબહેન અનેરીયાએ તા.૪/૭/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. **આ ગુનાની તપાસ** પો.સ.ઈ.શ્રી વી વી ભટ્ટ ચલાવે છે.

**નદીમાંથી લાશ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૬/૧૬**

**રિવરફ્રન્ટ ઈસ્ટઃ** લાભુભાઈ ડાહ્યાભાઈ સોલંકી (ઉ.વ.૪૦)(રહે.એ.જી.કોલોની મેઘાણીનગર ચાર રસ્તા) ની લાશ સુભાષબ્રીજ નારણઘાટ નજીક સાબરમતી નદીમાંથી તા.૪/૭/૧૬ કલાક ૧૦/૪૦ વાગ્યાના સુમારે લાશ રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસને મળી આવી હતી. આ અંગે રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બળવંતભાઈ શંકરભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૭/૧૬**

**બાપુનગરઃ** ફાતીમાબાનુ ઉર્ફે સુરૈયા મહમદરફિદ અંસારી (ઉ.વ.૧૫)(રહે.અંસારનગર મણીયાર ટ્રેલરની સામે બાપુનગર) એ બીમારીથી કંટાળી જતા, મનમાં લાગી આવતા તા.૪/૭/૧૬ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સીલીંગના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રતાપભાઈ વેલજીભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)